# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. 2001માં થયેલા સંસદ ઉપરના હુમલાને નિષ્ફળ બનાવવામાં બલિદાન આપનારા વીર શહિદોને રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શ્રધ્ધાંજલી અર્પી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે જોર્ડન જવા રવાના થશે.
3. ભારતીય સંરક્ષણ દળો બદલાતા વાતાવરણને અનુરૂપ બનવા અને સુધારાઓનો સમાવેશ કરવા માટે પ્રતિબદ્ધ હોવાનું જણાવતા આર્મી ચીફ.
4. વિશ્વ વિખ્યાત ફૂટબોલર મેસ્સી આજે સાંજે તેના સાથીદારો સાથે હૈદરાબાદમાં પ્રદર્શન ફૂટબોલ મેચ રમશે.
5. ઈરાનમાં નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા નરગેસ મોહમ્મદીની ધરપકડ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# FUR REV. PARLIAMENT ATTCK – TRIBUTE-1

દેશ આજે, સંસદ પર થયેલા આતંકવાદી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. આજના દિવસે , ૧૩ ડિસેમ્બર , ૨૦૦૧ના રોજ , સુરક્ષા કર્મચારીઓએ સંસદનું રક્ષણ કરતી વખતે બલિદાન આપ્યું હતું.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના અનેક કેન્દ્રિય મંત્રીઓએ સંસદ ભવનમાં શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને અન્ય સાંસદોએ પણ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સંસદ હુમલામાં શહીદ થયેલા બહાદુર સુરક્ષા કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી. રાષ્ટ્રપતિએ આતંકવાદ સામે તેના તમામ સ્વરૂપો સામે લડવા માટે ભારતના સંકલ્પનો પણ પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્ર 2001 માં સંસદ પર થયેલા ધૃણાસ્પદ હુમલામાં પોતાના જીવનું બલિદાન આપનારા તમામ બહાદુર સૈનિકોને યાદ કરી રહ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે ગંભીર જોખમનો સામનો કરતી વખતે તેમની હિંમત , સતર્કતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા પ્રશંસનીય છે.

# FUR REV. PARLIAMENT ATTCK – TRIBUTE-2

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ , સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ , વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર અને માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને **2001** માં આજના દિવસે થયેલા આતંકવાદી હુમલા દરમિયાન સંસદનું રક્ષણ કરતી વખતે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર સુરક્ષા કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંસદ ભવન પર થયેલા કાયર આતંકવાદી હુમલા દરમિયાન બહાદુર સુરક્ષા કર્મચારીઓ કેવી રીતે અતૂટ ઢાલ તરીકે ઉભા રહ્યા તેની પર પ્રકાશ પાડ્યો.

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને એમ પણ કહ્યું કે ફરજ બજાવતા સૈનિકોના સર્વોચ્ચ બલિદાનથી દેશના લોકશાહીની પવિત્રતાનું રક્ષણ થયું છે અને રાષ્ટ્રની સાર્વભૌમત્વને જાળવી રાખવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM - JORDEN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે જોર્ડન જવા રવાના થશે. જોર્ડનના રાજા અબ્દુલ્લાહ બીજા બિન અલ હુસૈનના આમંત્રણ પર તેમની મુલાકાત થઈ રહી છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ નિમિત્તે આ પ્રધાનમંત્રી મોદીની પ્રથમ મુલાકાત છે. નવી દિલ્હી અને અમ્માન વચ્ચે ઉચ્ચ સ્તરીય રાજકીય જોડાણ સતત વધી રહ્યું છે. આ મુલાકાતમાં રાજકીય, આર્થિક અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા થવાની અપેક્ષા છે, જેમાં ખાસ કરીને પશ્ચિમ એશિયામાં પ્રાદેશિક સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ભારત અને જોર્ડન નિયમિત નેતૃત્વ અને સંસ્થાકીય સંવાદો દ્વારા વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ગાઢ સંકલન જાળવી રાખે છે. આ મુલાકાતથી સહયોગને વધુ મજબૂત બનાવવાની અને શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે સહિયારા દ્રષ્ટિકોણને પુનઃપુષ્ટિ કરવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CDS - AIR FORCE ACADEMY

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે ભારતીય સંરક્ષણ દળો બદલાતા વાતાવરણને અનુરૂપ બનવા અને તૈયાર અને સુસંગત રહેવા માટે સુધારાઓનો સમાવેશ કરવા માટે પ્રતિબદ્ધ છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે યુદ્ધ અને યુદ્ધકળા એક ક્રાંતિના શિખર પર છે.

હૈદરાબાદ નજીક ડુંડીગલમાં એરફોર્સ એકેડેમી ખાતે **216**મી બેચની સંયુક્ત પાસિંગ આઉટ પરેડમાં, જનરલ ચૌહાણે જણાવ્યું હતું કે ભારતની તાકાત મજબૂત સંસ્થાઓ, લોકશાહી સ્થિરતા અને સશસ્ત્ર દળોની અતૂટ વ્યાવસાયિકતા પર આધારિત છે. તેમણે જણાવ્યું હતું કે સંકલિત માળખાં , સંયુક્ત કામગીરી અને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતનું રાષ્ટ્રીય લક્ષ્ય દેશની લશ્કરી શક્તિના ભવિષ્યને આકાર આપી રહ્યું છે.

આ પહેલાં, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફે તેમની તાલીમ પૂર્ણ કરનારા ફ્લાઇટ કેડેટ્સને રાષ્ટ્રપતિ કમિશન એનાયત કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MESSI-KOLKATA

વિશ્વ વિખ્યાત ટોચના ફૂટબોલર મેસ્સી ભારતની મુલાકાતે છે. તેનુ કોલકત્તામાં ભવ્ય સ્વાગત કરાયું હતું. હવે આજે સાંજે મેસ્સી તેના સાથીદારો સાથે હૈદરાબાદમાં ફૂટબોલ મેચ રમશે.. પ્રસ્તુત છે એકઅહેવાલ

## વોઇસ કાસ્ટ – મૂકેશ

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . .

# IRANIAN ACTIVIST ARREST

ઈરાને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા નરગેસ મોહમ્મદીની ધરપકડ કરી છે. તેમના પેરિસ સ્થિત ફાઉન્ડેશને જણાવ્યું હતું કે તેમને માનવાધિકાર વકીલ ખોસરો અલીકોર્દીના સ્મૃતિ સમારોહ દરમિયાન અટકાયતમાં લેવામાં આવ્યા હતા..

મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે , સમર્થકો મહિનાઓથી ચેતવણી આપી રહ્યા હતા કે **53** વર્ષીય નોબેલ પુરસ્કાર વિજેતાને ડિસેમ્બર **2024** માં નાદુરસ્ત તબિયતને કારણે રજા મળ્યા બાદ તેમને ફરીથી જેલમાં ધકેલી દેવાશે. છેલ્લા બે દાયકાનો મોટાભાગનો સમય તેમણે તેહરાનની કુખ્યાત એવિન જેલમાં કેદી તરીકે વિતાવ્યો છે.

ઈરાનના સૌથી અગ્રણી માનવાધિકાર કાર્યકરોમાંના એક , મોહમ્મદીને **2023** માં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત થયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ARMY-PASSING OUT PARADE

ઉત્તરાખંડના દેહરાદૂન સ્થિત ભારતીય લશ્કરી એકેડેમીમાં પાસિંગ આઉટ પરેડ યોજાઈ હતી. આજે ભારતીય સેનામાં **491** નવા યુવા અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ.

**(V/C-SAKSHI SINGH)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JP NADDA-HP BJP OFFICE

ભાજપ અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ આજે શિમલા નજીક મજથાઈ ખાતે પાર્ટીના નવા રાજ્ય કાર્યાલયનો શિલાન્યાસ કર્યો.

શિલાન્યાસ સ્થળ પર પહોંચ્યા બાદ , પાર્ટીના કાર્યકરોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું.

આ પ્રસંગે, શ્રી નડ્ડાએ કાર્યાલયની રચના , તેની કાર્યકારી જરૂરિયાતો અને તેની ભાવિ ઉપયોગિતા અંગે માર્ગદર્શન પણ આપ્યું. સ્થળ નિરીક્ષણ દરમિયાન , ભાજપના પ્રદેશ પ્રમુખ ડૉ. રાજીવ બિંદલે રાષ્ટ્રીય અધ્યક્ષને પ્રસ્તાવિત ઇમારત યોજનાનો વિગતવાર પરિચય રજૂ કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CERT-IN- CYBERSECURITY

માહિતી ટેકનોલોજી અને ઇલેક્ટ્રોનિક્સ મંત્રાલયની ભારતીય કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમએ યુરોપ , અમેરિકા અને મધ્ય એશિયાના પત્રકારો માટે સાયબર સુરક્ષા પર એક સંવાદ સત્રનું આયોજન કર્યું હતું. આ સત્રનું આયોજન વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવ્યું હતું.

સત્ર દરમિયાન , CERT-In ના ડાયરેક્ટર જનરલ ડૉ. સંજય બહલે સાયબર સુરક્ષા, કટોકટી વ્યવસ્થાપન , મહત્વપૂર્ણ ઘટનાઓનું મૂલ્યાંકન અને સાયબર ઘટનાઓના સંકલિત પ્રતિભાવમાં સંસ્થાની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

તેમણે દેશમાં ચારસોથી વધુ સ્ટાર્ટઅપ્સ અને કુશળ કાર્યબળ દ્વારા સંચાલિત વધતી સાયબર સુરક્ષા ઇકોસિસ્ટમ પર પ્રકાશ પાડ્યો. શ્રી બહલે વાસ્તવિક સમયના ખતરા શોધ અને પ્રતિભાવ માટે AI-સંચાલિત સાધનોના ઉપયોગ વિશે વાત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA MALAYSIA EXERCISE

ભારત અને મલેશિયા વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત હરિમાઉ શક્તિ 2025 રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે ચાલી રહી છે અને 18 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

ભારતીય સેનાના જણાવ્યા અનુસાર , બંને પક્ષોના સૈનિકો આંતર-કાર્યક્ષમતા અને ઓપરેશનલ તૈયારી વધારવા માટે સઘન સંયુક્ત તાલીમ લઈ રહ્યા છે. મુખ્ય પ્રવૃત્તિઓમાં બળવાખોરી અને આતંકવાદ વિરોધી કવાયત , સંયુક્ત પેટ્રોલિંગ , ઓચિંતો હુમલો કરવાની તકનીકો, હેલિબોર્ન ઓપરેશન્સ અને MI-17 હેલિકોપ્ટરથી સ્લિધરિંગનો સમાવેશ થાય છે.

આ કવાયતમાં શસ્ત્રો અને સાધનોનું પ્રદર્શન , જીવંત ફાયરિંગ પ્રેક્ટિસ અને આર્મી માર્શલ આર્ટ્સ રૂટિન અને યોગ જેવી શારીરિક તાલીમ પ્રવૃત્તિઓ પણ શામેલ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .